Thursday
20.04.2023
*Volume :7 * Issue No.261
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

## પ્રધાનમંત્રી ૨૦મી એપ્રિલે વૈશ્વિક બૌદ્ધ સમિટના ઉદ્‌ઘાટન સત્રને સંબોધન કરશે



કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૦મી એપ્રિલ, ૨૦૨૩ના રોજ દિલ્હીની હોટેલ અશોક ખાતે સવારે ૧૦ વાગ્યે વૈશ્વિક બૌદ્ધ સમિટના ઉદ્‌ઘાટન સત્રને સંબોધન કરશે. ૨૦-૨૧ એપ્રિલના રોજ આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘના સહયોગથી સંસ્કૃતિ મંત્રાલય દ્વારા બે દિવસીય સમિટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વૈશ્વિક બૌદ્ધ સમિટની થીમ "સમકાલીન પડકારોના પ્રતિભાવોઃ વ્યવહાર માટે ફિલોસોફી" છે. આ સમિટ વૈશ્વિક બૌદ્ધ ધમ્મા નેતૃત્વ અને વિદ્વાનોને બૌદ્ધ અને સાર્વત્રિક ચિંતાઓની બાબતો પર જોડવા અને તેમને સામૂહિક રીતે સંબોધવા માટે નીતિ વિષયક ઈનપુટ્સ સાથે આવવાનો પ્રયાસ છે. સમિટની ચર્ચામાં બુદ્ધ ધમ્માના મૂળભૂત મૂલ્યો સમકાલીન પરિસ્થિતિઓમાં કેવી રીતે પ્રેરણા અને માર્ગદર્શન આપી શકે છે તે શોધશે. આ સમિટમાં વિશ્વભરના વિખ્યાત વિદ્વાનો, સંઘ નેતાઓ અને ધર્મ સાધકોની સહભાગિતા જોવા મળશે, જેઓ વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે અને બુદ્ધ ધમ્મામાં જવાબો શોધશે જે સાર્વત્રિક મૂલ્યો પર આધારિત છે. ચર્ચા ચાર થીમ હેઠળ યોજાશેઃ બુદ્ધ ધમ્મા અને શાંતિ; બુદ્ધ ધમ્માઃ પર્યાવરણીય કટોકટી, આરોગ્ય અને ટકાઉપણું; નાલંદા બૌદ્ધ પરંપરાની જાળવણી; બુદ્ધ ધમ્મા યાત્રાધામ, જીવંત વારસો અને બુદ્ધ અવશેષોઃ દક્ષિણ, દક્ષિણ-પૂર્વ અને પૂર્વ એશિયાના દેશો સાથે ભારતના સદીઓ જૂના સાંસ્કૃતિક જોડાણો માટે એક સ્થિતિસ્થાપક પાયો.

# પીએમ ૨૧મી એપ્રિલે સિવિલ સર્વન્ટ્સને સંબોધિત કરશે

### સિવિલ સર્વિસ ડે નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમ પીએમ માટે રાષ્ટ્ર નિર્માણ તરફ નાગરિક કર્મચારીઓને વધુ પ્રોત્સાહિત કરવા અને પ્રેરણા આપવા માટે એક યોગ્ય પ્લેટફોર્મ તરીકે કામ કરશે



કમલમ્ ન્યુઝ,
નાગરિક સેવા દિવસ નિમિત્તે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૧મી એપ્રિલ, ૨૦૨૩ના રોજ સવારે ૧૧ વાગ્યે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે સિવિલ સર્વન્ટ્સને સંબોધિત કરશે. પ્રધાનમંત્રીએ રાષ્ટ્ર નિર્માણમાં સિવિલ સર્વન્ટ્સના યોગદાનની સતત પ્રશંસા કરી છે અને તેમને વધુ સખત મહેનત કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે. આ કાર્યક્રમ વડાપ્રધાન માટે દેશભરના સિવિલ સેવકોને પ્રોત્સાહિત કરવા અને પ્રેરણા આપવા માટે એક યોગ્ય પ્લેટફોર્મ તરીકે કામ કરશે જેથી કરીને તેઓ એ જ ઉત્સાહ સાથે રાષ્ટ્રની સેવા કરતા રહે, ખાસ કરીને અમૃત કાલના આ નિર્ણાયક તબક્કા દરમિયાન. આ કાર્યક્રમ દરમિયાન, ેર જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી પુરસ્કાર પણ એનાયત કરશે. સામાન્ય નાગરિકોના કલ્યાણ માટે કેન્દ્ર અને રાજય સરકારોના જિલ્લાઓ અને સંગઠનો દ્વારા કરવામાં આવેલા અસાધારણ અને નવીન કાર્યને માન્યતા આપવાના હેતુથી આની સ્થાપના કરવામાં આવી છે. ચાર ઓળખાયેલ અગ્રતા કાર્યક્રમોમાં કરવામાં આવેલ અનુકરણીય કાર્ય પુરસ્કારો આપવામાં આવશેઃ હર ઘર જલ યોજના દ્વારા સ્વચ્છ જલને પ્રોત્સાહન આપવું; આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો દ્વારા સ્વસ્થ ભારતને પ્રોત્સાહન આપવું; સમગ્ર શિક્ષા દ્વારા સમાન અને સમાવિષ્ટ વર્ગખંડના વાતાવરણ સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણને પ્રોત્સાહન આપવું; એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ પ્રોગ્રામ દ્વારા સર્વગ્રાહી વિકાસ - સંતૃપ્તિ અભિગમ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને એકંદર પ્રગતિ. ઉપરોક્ત ચાર ઓળખાયેલા કાર્યક્રમો માટે આઠ પુરસ્કારો આપવામાં આવશે જ્યારે સાત પુરસ્કારો નવીનતાઓ માટે આપવામાં આવશે.

# PTP-NER એ એક મહાન યોજના છે, જેનો હેતુ પૂર્વોત્તરના પ્રતિભાશાળી કારીગરોના જીવનને સુધારવાનો છે: પીએમ





કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ઉત્તર-પૂર્વીય પ્રદેશ (PTP-NER)ના આદિજાતિ ઉત્પાદનોના પ્રમોશન માટે માર્કેટિંગ અને લોજિસ્ટિક્સ ડેવલપમેન્ટ એ એક મહાન યોજના છે, જેનો હેતુ પૂર્વોત્તરના પ્રતિભાશાળી કારીગરોના જીવનને સુધારવાનો છે. શ્રી મોદીએ એમ પણ કહ્યું હતું કે આ યોજના પૂર્વોત્તરમાંથી ઉત્પાદનો માટે સારી દૃશ્યતા પણ સુનિશ્ચિત કરશે. આદિજાતિ બાબતોના કેન્દ્રીય મંત્રી શ્રી અર્જુન મુંડાએ એક ટ્વીટ થ્રેડમાં માહિતી આપી હતી કે PTP-NER યોજનાનો ઉદ્દેશ્ય ઉત્પાદનોની પ્રાપ્તિ, લોજિસ્ટિક્સ અને માર્કેટિંગમાં ઉન્નત કાર્યક્ષમતા દ્વારા આદિવાસી કારીગરો માટે આજીવિકાની તકોને મજબૂત કરવાનો છે. કેન્દ્રીય પ્રધાન દ્વારા કરાયેલા ટ્વીટ થ્રેડના જવાબમાં, પ્રધાનમંત્રીએ ટ્વીટ કર્યું; "PTP-NER એ એક મહાન યોજના છે, જેનો હેતુ પૂર્વોત્તરના પ્રતિભાશાળી કારીગરોના જીવનને સુધારવાનો છે. તે ઉત્તરપૂર્વના ઉત્પાદનો માટે સારી દૃશ્યતા પણ સુનિશ્ચિત કરશે. આના કારણે આદિવાસી સમુદાયોને ખાસ ફાયદો થશે."

# ભારતના ઈતિહાસમાં સૌરાષ્ટ્ર તમિલ સંગમ સુવર્ણ અક્ષરે નોંધાશે

### રાજ્યના આદિજાતિ મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોર અને પ્રવાસન રાજ્યમંત્રીશ્રી મૂળુભાઈ બેરાની પ્રેરક ઉપસ્થિતિમાં તમિલ બાંધવો સાથે સંવાદ યોજાયો



### નવી શિક્ષણનીતિ દ્વારા માત્ર રોજગારલક્ષી શિક્ષણથી આગળ વધી કૌશલ્યલક્ષી શિક્ષણ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવશે

કમલમ્ ન્યુઝ,
સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંતર્ગત સોમનાથ સાગર વૉક વે નજીક રાજ્યના આદિજાતિ વિકાસ, શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષસ્થાને રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તમિલ બાંધવો સાથેના સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આદિજાતિ અને શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરે કહ્યુ હતુ કે, સૌરાષ્ટ્રથી તમિલનાડુ સ્થાયી થયેલા છે તે પૂર્વજોની અસ્મિતા લઈને સૌરાષ્ટ્ર આવેલા તમિલ બાંધવોને પોતાના વતનને મળવાનો આ સુવર્ણ અવસર છે. આઝાદીના ૭૫ વર્ષે અમૃત મહોત્સવ સાથે દેશની એકતાનો આ મહાસંગમ એ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના "સબકા સાથ, સબકા વિકાસ અને સબકા પ્રયાસ" અભિગમને ચરિતાર્થ થતો દર્શાવે છે. ઐતિહાસિક હિજરત પછી પણ પોતાની સંસ્કૃતિ, વારસા, રીત ભાત દરેકને નિભાવીને સૌરાષ્ટ્રીયન તમિલ સમુદાય આજે દેશની પ્રગતિમાં દરેક ક્ષેત્રે યોગદાન આપી રહ્યો છે. આ સમુદાય એ હજુ સુધી પોતાની ભાષાને સાચવી છે ત્યારે સૌરાષ્ટ્ર સમુદાયની સૌરાષ્ટ્રની બોલી પર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પણ સંશોધન હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી કુબેરભાઈએ જણાવ્યુ કે, ભારત વિશ્વગુરુ હતું, ભારતીય ગુરુકુળ પરંપરા થકી ભારત એ શ્રેષ્ઠ સંસ્કૃતિ ધરાવતું હતું. ભારતના આ પાસાઓને ફરી સંગઠિત કરી વિશ્વ મહાસત્તા બનાવી શકાઈ. ભારતના આ સ્વપ્નને સાકાર કરવા દેશના ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ સહિતના તમામ રાજ્યોના બાંધવો-ભગિનીઓ એકબીજા સાથે આદાન-પ્રદાન કરે તો ભારત ફરી શ્રેષ્ઠની દિશા હાંસલ કરી શકાય, તેવો વિશ્વાસ પણ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. નવી શિક્ષણનીતિ વિશે મંત્રીશ્રીએ પ્રકાશ પાડતા કહ્યુ કે, અંગ્રેજોએ ભારતની શિક્ષણ પ્રણાલીને તોડી હતી અને ભારતને ગુલામ બનાવ્યું હતું. માત્ર રોજગારલક્ષી શિક્ષણથી આગળ વધી કૌશલ્યલક્ષી શિક્ષણ નવી શિક્ષણનીતિ પ્રસ્થાપિત થશે. ભારતીય ગુરુકુળ પરંપરાને પુનઃસ્થાપિત કરી ભારતીય શિક્ષણ પ્રણાલીને ફરી મજબૂત બનાવી શકાશે. ભારતીય શાસ્ત્ર પ્રમાણે શિક્ષણ પ્રણાલી દ્વારા પુરુષોને ૬૪ અને સ્ત્રીઓને ૭૨ કલાઓ શીખવવામાં આવતી હતી તેને નવી નીતિ પ્રમાણે ફરીથી સંકલિત કરી અમલી કરવામાં આવશે અને આ દરેક પ્રયાસ દ્વારા ભારતના શ્રેષ્ઠપણાનો નવો ઈતિહાસ લખાશે. જે ઈતિહાસમાં સૌરાષ્ટ્ર તમિલ સંગમ એ સુવર્ણ અક્ષરે નોંધાશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ. કાર્યક્રમમાં રાજ્યના મંત્રીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ અને નાગરિકો વચ્ચે ઓપન સેશન યોજવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર તમિલ સમુદાય દ્વારા મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિશ્રી ચેતન ત્રિવેદીએ કાર્યક્રમની રુપરેખા આપી હતી. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિશ્રી લલિત પટેલે સંસ્કૃત ભાષામાં સૌનું અભિવાદન કર્યુ હતુ. ગુજરાત શિક્ષણ યુનિવર્સિટી અને ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં વી.સી.ડો.હર્ષદ પટેલના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે રાજ્ય પ્રવાસન મંત્રીશ્રી મૂળુભાઈ બેરા, તાલાળા વિસ્તારના ધારાસભ્ય શ્રી ભગવાનજીભાઈ બારડ, હળવદના ધારાસભ્ય શ્રી પ્રકાશભાઈ વરમોરા, સોમનાથ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રામીબેન વાજા ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રધાનમંત્રીશ્રીના 'નલ સે જલ' મિશનને વધુ વેગ આપવા ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં દૈનિક 3,200 MLD પીવાના પાણીનું વિતરણ

### છેલ્લા ૧૦૦ દિવસમાં ગુજરાતની પીવાના પાણી ક્ષેત્રે લક્ષ્યાંકિત ૨૪માંથી ૨૩ યોજનાઓ પૂર્ણ કરી ૯૬ ટકા સિદ્ધિ હાંસલ : કુલ ૬૬ લાખથી વધુ વસ્તીને લાભ - પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

#### પીવાના પાણી ક્ષેત્રે ૧૦૦ દિવસની સિદ્ધિઓ

- પાણી પુરવઠાની ૨૩ યોજનાઓમાં રાજ્યના ૧૩ જિલ્લાને આવરી લેવાયા
- આગામી ૧૦૦ દિવસમાં કુલ ૧૧૩૮ ગામોની કુલ ૧૫ યોજના દ્વારા વધુ ૩૨ લાખ નાગરિકોને પાણીનો લાભ મળશે
- પાણીની ગુણવત્તાની ચકાસણી માટે દ્રછમ્ન માન્ય ૧ રાજ્ય લેબ, ૩૩ જિલ્લા તેમજ ૪૫ તાલુકા લેબ કાર્યરત
- ગ્રામીણ સ્તરે ફિલ્ડ ટેસ્ટીંગ કીટ દ્વારા ૧૦૦ દિવસમાં ૧.૨૦ લાખના લક્ષ્યાંક સામે ૧.૯૨ લાખથી વધુ પીવાના પાણીના સેમ્પલ પરીક્ષણ કરાયા
- ગ્રામીણ કક્ષાએ પાણી વિતરણ કરતાં ૭,૦૦૦ના લક્ષ્યાંક સામે ૮,૧૬૬ ઓપરેટરોને તાલીમ – ટુલકીટનું વિતરણ
- ચાલુ વર્ષના બજેટમાં કુલ ૬,૦૦૦ કરોડની જોગવાઇ સામે 'નલ સે જલ' યોજના માટે રૂા.૨૬૦૨ કરોડ



કમલમ્ ન્યુઝ,
કોઈપણ માનવ સંસ્કૃતિના સર્વાંગી વિકાસમાં પાણીની ભૂમિકા ખૂબજ મહત્વની છે, આ ધ્યેય મંત્રને ચરિતાર્થ કરવા ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના તમામ ઘરોમાં નળ દ્વારા પીવાનું શુદ્ધ પાણી પુરુ પાડવાના લક્ષ્ય સાથે 'નલ સે જલ' મિશન શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ચાલુ વર્ષના બજેટમાં પાણી પુરવઠાની કુલ ૬,૦૦૦ કરોડની જોગવાઈ સામે 'નલ સે જલ' યોજનાને વધુ વેગ આપવા માટે રૂા.૨૬૦૨ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે. આ મિશન હેઠળ શહેરી- ગ્રામીણ વિસ્તારોમાં પીવાનું શુદ્ધ પાણી પુરૂ પાડવા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે તેમ પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી વર્તમાન સરકારના પ્રથમ ૧૦૦ દિવસમાં વિવિધ વિભાગોએ પ્રજાહિતના કાર્યો કરવાના લક્ષ્યાંક નક્કી કર્યા હતા. પાણી પુરવઠા દ્વારા ૧૦૦ દિવસમાં કુલ ૨૪ યોજનાઓ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો હતો. જે અંતર્ગત કુલ ૨૪માંથી ૨૩ યોજનાઓ પૂર્ણ કરી ગ્રામીણ વિસ્તારોમાં યોજનાઓનો લાભ આપવાનું શરૂ કરાયું છે. આમ લક્ષ્યાંક સામે અત્યાર સુધીમાં ૯૬ ટકા સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે જેના ફળસ્વરૂપે અત્યાર સુધીમાં ગુજરાતની ૬૬ લાખથી વધુ વસ્તીને તેમના ઘર સુધી પીવાના શુદ્ધ પાણીનો લાભ મળતો થયો છે. વધુમાં આ યોજનાઓ પૂર્ણ થતાં સુરત, નર્મદા, જૂનાગઢ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, છોટાઉદેપુર, પાટણ, ખેડા, બનાસકાઠા, પંચમહાલ, વડોદરા તથા તાપી એમ કુલ ૧૩ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોને લાભ મળી રહ્યો છે તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. જળ એ માનવ જીવનનો મુખ્ય આધારસ્તંભ છે તેમ જણાવી મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાત સરકારે રાજ્યના તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સલામત-પર્યાપ્ત તેમજ ગુણવતાયુકત પીવાનું પાણી આપવા અથાગ પ્રયત્નો કર્યા છે. રાજયના દૂરંદેશી નેતૃત્વ અને પાણી પુરવઠા વિભાગની રાજયને પીવાના પાણીની દ્રષ્ટિએ જળ સલામતીના લીધેલા છેલ્લા ૨૦ વર્ષના પારદર્શક આયોજન અને સચોટ-ત્વરિત અમલના પરિણામે આજે દૈનિક ૩,૨૦૦ એમએલડી જેટલું પીવાનું પાણી ગ્રામીણ વિસ્તારમાં પુરૂ પાડી વધુ એક વાર ગુજરાત મોડલનું ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યુ છે. મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતુ કે, રાજ્ય સરકાર દ્વારા પાણી પુરવઠા વિભાગને આગામી ૧૦૦ દિવસમાં કુલ ૯૦૫ ગામોની ૮ યોજનાઓના કામો શરૂ કરી ૨૭ લાખ લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરવા લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦ દિવસમાં કુલ ૧,૧૩૮ ગામોની કુલ ૧૫ યોજનાઓના કામો શરૂ કરવામાં આવ્યા છે. આ યોજનાઓ પૂર્ણ થતાં અમદાવાદ, કચ્છ, જૂનાગઢ, ગાંધીનગર, તાપી, મહેસાણા, નવસારી, છોટાઉદેપુર, અમરેલી અને મહિસાગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોની ૩૨ લાખથી વધુ નાગરિકોને લાભ મળશે. મંત્રીશ્રીએ પાણીની ગુણવત્તા ચકાસણીની કામગીરીની વિગતો આપતાં કહ્યું કે, રાજયમાં પાણીની ગુણવત્તા ચકાસણી માટે ૧ સ્ટેટ લેબોરેટરી, જિલ્લા કક્ષાની ૩૩ લેબોરેટરી અને તાલુકા કક્ષાની ૪૫ એમ તમામ દ્રછમ્ની માન્યતા પ્રાપ્ત લેબ કાર્યરત છે. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા પીવાના પાણીની ગુણવત્તાની ચકાસણી માટે રાજયભરની જિલ્લા તથા તાલુકા એમ કુલ ૮૦ પ્રયોગશાળાઓ તથા ગ્રામ પંચાયત સ્તરે ફીલ્ડ ટેસ્ટીંગ કીટ દ્વારા પીવાના પાણીના કુલ ૧,૨૦,૦૦૦ સેમ્પલ પરીક્ષણની કામગીરી દિન ૧૦૦માં પૂર્ણ કરવાના નિર્ધારીત લક્ષયાંક સામે કુલ ૧,૯૨,૭૯૭ પીવાના પાણીના સેમ્પલનું સફળ પરીક્ષણ કરાયું છે એટલે કે લક્ષ્યાંક સામે અત્યાર સુધીમાં ૧૬૦ ટકાની સિદ્ધિ પ્રાપ્ત કરીછે. મંત્રીશ્રી કુંવરજીભાઈએ કહ્યું હતું કે, ગ્રામીણ સ્તરે પાણીની યોગ્ય વિતરણ વ્યવસ્થા માટે રાજય સરકાર દ્વારા ૧૦૦ દિવસમાં પાણી વિતરણ કરતા પંચાયત હસ્તકના કુલ ૭,૦૦૦ ઓપરેટરોને તાલીમ–ટુલકીટ આપવા માટેના લક્ષયાંક સામે ૮,૧૬૬ ઓપરેટરોને તાલીમ આપી ટુલકીટ વિતરણ કરવામાં આવ્યું છે. આમ લક્ષયાંક સામે અત્યાર સુધીમાં ૧૧૬ ટકા સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. આ માટે રાજયના ૩૩ જિલ્લાની ૨૪૧ તાલુકા કક્ષાની આઈ.ટી.આઈ કેન્દ્રો ખાતે ઓપરેટરોને તાલીમ પણ આપવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, પીવાના પાણીની દ્રષ્ટીએ નિર્ધારીત કરેલ લક્ષ્યાંક પૂર્ણ કરી સમાવિષ્ટ ગામો માટે જળ સલામતીની કાયમી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે તે પરિવર્તનકારી વહિવટ એટલે કે "ટ્રાન્સફર્મેટીવ ગવર્નન્સ" નું એક અનેરુ ઉદાહરણ છે. પાણીની પુરતી ઉપલબ્ધતાથી સામાજિક અને આથિક વિકાસને વધુ વેગ મળે છે. આ ઉપરાંત શુદ્ધ અને પુરતાં પાણીની સુનિશ્ચિતતાને પરિણામે રાજયની મહિલાઓ અને બાળકોને દૂર-દૂરથી પાણી ભરવાની હાડમારીમાંથી મુક્તિ મળી છે. ગુજરાતમાં તમામને શુદ્ધ અને પૂરતા પ્રમાણમાં પાણી પુરૂ પહોંચાડવાના પરિણામે માનવ વિકાસ સૂચકાંકમાં વધારો તેમજ પાણીજન્ય રોગોમાં ઘટાડો જોવા મળ્યો છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ કહ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં રાજયવ્યાપી પાણી પુરવઠા ગ્રીડની સ્થાપના આ દિશામાં રાજય સરકારની એક મોટી ઉપલબ્ધિ છે. આદિજાતિ વિસ્તારના ડુંગરાળ અને અંતરિયાળ ગામોમાં પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે અંબાજીથી ઉમરગામ સુધી વિવિધ પાણી પુરવઠા યોજનાઓ અમલી બનાવી છે જે પાણી ક્ષેત્રે ગુજરાતના પાણીદાર આયોજનનું ઉત્તમ ઉદાહરણ છે.

# આદિજાતિ રાજયમંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોર અને પ્રવાસન રાજયમંત્રીશ્રી મૂળુભાઈ બેરાએ હસ્તકલા પ્રદર્શનની મુલાકાત લીધી

### 5D વર્ચ્યુઅલ ટૂરમાં ગુજરાતના પ્રવાસન સ્થળો નિહાળી મંત્રમુગ્ધ બન્યા મંત્રીશ્રીઓ અને મહાનુભાવો





કમલમ્ ન્યુઝ,સોમનાથ
સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અન્વયે સોમનાથ પધારેલા આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્યમંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોર અને પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મૂળુભાઈ બેરાએ હસ્તકલા પ્રદર્શન/આર્ટ ગેલેરીની મુલાકાત લઈ વિવિધ કૃત્તિઓ નિહાળી હતી. પ્રદર્શન દરમિયાન આદિજાતિ રાજ્યમંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોર અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મૂળુભાઈ બેરાએ પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત 5D વર્ચ્યુઅલ ટૂરમાં હેરિટેજ સિટી અમદાવાદ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, નડાબેટ, સૂર્યમંદિર-મોઢેરા, શિવરાજપુર બીચ અને ગીર નેશનલ પાર્ક વગેરે જેવા ગુજરાતના પ્રવાસન સ્થળો નિહાળ્યા હતા. આ પઢ વર્ચ્યુઅલ ટૂરમાં પાવાગઢ, ચાંપાનેર, અંબાજી, મહીસાગર અને તેના આસપાસનો પહાડી વિસ્તાર તથા દાંડી કુટિર વગેરે સ્થળો ઉમેરવા તેમણે સૂચન કર્યુ હતુ. વધુમાં મંત્રીશ્રીઓએ વિવિધ કલાત્મક પ્રદર્શનો, ગુજરાતના બીચ અને અન્ય પ્રવાસન સ્થળોની ગેલેરી વગેરેની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તાલાલા ધારાસભ્યશ્રી ભગવાનજીભાઈ બારડ, હળવદ - ધ્રાંગધ્રા ધારાસભ્ય શ્રી પ્રકાશભાઈ વરમોરા, ગીર સોમનાથ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રામીબેન વાજા, આઈ.આઈ.ટી.ઈ.-ગાંધીનગરના કુલાપતિશ્રી હર્ષદભાઈ પટેલ, સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિશ્રી લલિતભાઈ પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી એચ.કે.વાજા તથા જિલ્લાના પદાધિકારીશ્રી, અધિકારીશ્રીઓ તથા અગ્રણીઓ, આગેવાનો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.






# અમદાવાદના વિરમગામ ખાતે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો રમત-ગમત અને ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે પ્રારંભ

## વિરમગામના વિકાસ અને સામાજિક સમાનતા માટે ક્રિકેટ ટુર્નામેન્ટ એક અનોખો પ્રયાસ - ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલ

કમલમ્ ન્યુઝ,

વિરમગામ ખાતે આયોજિત નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવતા રાજ્યના રમત-ગમત અને ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રમત - ગમત વિભાગ ૨૦૩૬નું ઓલિમ્પિક ગુજરાતમાં યોજાય તે માટે પ્રયાસરત છે. ખેલકૂદમાં આજે ગુજરાતની છબી બદલાઈ છે. પહેલા ગુજરાતના ખેલાડીઓને ખમણ-ઢોકળા અને થેપલા જેવા નામોથી લોકો બોલાવતા. તેમણે કહ્યું કે, આજે આપણી દીકરીઓ કુસ્તી જેવી રમતોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહી છે.

તેમણે કહ્યું કે, માત્ર ૧૦૦ દિવસમાં નેશનલ ગેમ્સનું સફળ આયોજન કરવામાં આવ્યું એ આપણા સૌ માટે ગર્વની વાત છે. શ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, ડોકટરી અને એન્જીનીયરીંગની જેમ રમત-ગમત ક્ષેત્રે પ્રોફેશનલ કારકિર્દી બનાવવાનો વિકલ્પ રાજયના વિધાર્થીઓને મળે તે દિશામાં સરકાર કાર્યરત છે. તેમણે કહ્યું કે, સરકારે અમદાવાદના ૨,૪૨૫ વિદ્યાર્થીઓને પ્રતિ વિદ્યાર્થી રૂપિયા ૭૫,૦૦૦ હજારની સહાય આપી રમત-ગમતની વિશેષ તાલીમ માટે વ્યવસ્થા કરી છે. આમ ખેલાડીઓને પ્રોફેશનલ તાલીમ માટે 'શક્તિદૂત' યોજના અંતર્ગત લાખો રૂપોયની સહાય આપવામાં આવી રહી છે.

રાજયભરના વિવિધ જિલ્લાઓમાં અલગ અલગ રમતોની તાલીમ માટે શાળાઓ નિર્ધારિત કરાઈ છે. આ શાળાઓને વાર્ષિક ૧૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવે છે. એમ તેમણે ઉમેર્યુ હતું. સમગ્ર આયોજનને બિરદાવતા શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વિરમગામ વિધાનસભા વિસ્તારના વિવિધ ક્ષેત્રોના યુવાનોને નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ થકી રમત ગમત ક્ષેત્રે પ્રોત્સાહન આપવાનો આ પ્રશંસનીય પ્રયાસ છે. તેમણે કહ્યું કે, ૩ મહિના દરમિયાન વિરમગામના અનેક પ્રશ્નો ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલની રજૂઆતો બાદ સરકારે ઉકેલ્યા છે. આગામી સમયમાં આ વિસ્તારના વિવિધ વિકાસકાર્યો પણ અમે એક ટિમ સ્વરૂપે કરીશું તેવી ખાતરી તેમણે આપી. નાઈટ ટુર્નામેન્ટના પ્રારંભ પ્રસંગે ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલે સ્વાગત પ્રવચન કર્યુ હતું. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ખેલમહાકુંભ' જેવા આયોજનો થકી રમત-ગમત પ્રત્યે ગુજરાતના યુવાનોનો અભિગમ બદલાયો છે. વિરમગામના વિકાસ અને સામાજિક સમાનતા માટે ક્રિકેટ ટુર્નામેન્ટ એક અનોખો પ્રયાસ છે. જેમાં ઉપસ્થિત રહીને યુવાનોનો ઉત્સાહ વધારવા બદલ તેમણે રમત-ગમત મંત્રીશ્રી હર્ષ સંઘવીનો આભાર વ્યકત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલના પિતા સ્વ. ભરતભાઈ પટેલની દ્વિતીય પુણ્યતિથી નિમિત્તે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. અવસરે વિધાનસભાના દંડક શ્રી જગદીશભાઈ મકવાણા, ધોળકાના ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી, ધંધુકાના ધારાસભ્ય શ્રી કાળુભાઈ ડાભી, પાટડીના ધારાસભ્ય શ્રી પી.કે પરમાર, બહુચરાજીના ધારાસભ્ય શ્રી સુખાજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. સાથોસાથ વિરમગામ તાલુકાના સામાજિક અગ્રણીઓ અને ક્રિકેટપ્રેમી જનતા મોટી સંખ્યામાં હાજર રહી હતી.

# અમરોલી સ્વનિર્ભર બી.સી.એ.કોલેજમાં ભુતપૂર્વ વિદ્યાર્થીઓએ રી-યુનિયનનું આયોજન




કમલમ્ ન્યુઝ,

જીવન જયોતટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો. વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોર્મસ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૫-૦૪-૨૦૨૩ના રોજ બી.સી.એ.ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું રી-યુનિયનનું આયોજન કોલેજ કેમ્પસમાં કરવામાં આવ્યુ હતુ. મુખ્ય મહેમાન તરીકે જીવન જયોત ટ્રસ્ટ,અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખ શ્રી ભાનુભાઈ શાહ, માનદ્? મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, માનદ્? મંત્રીશ્રી અનુજભાઈ શાહ તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરતના કુલપતિશ્રી ર્ડા. કિશોરસિંહ ચાવડા, ભૂતકાળમાં બી.સી.એ.કોલેજનુ નામ આપનાર સુટેક્ષ કો.ઓ.બેંકના હાલના ડિરેકટરશ્રી કાર્તિકભાઈ યુ. હાથીવાલા,ડિરેકટરશ્રી નિરમલ વખારીયા,ડિરેકટરશ્રી નિમેષભાઈ બચકાનીવાલા, ડિરેકટરશ્રી રવીન્દ્ગભાઈ, ડિરેકટરશ્રી શરદભાઈ કાપડીયા, ડિરેકટર શ્રી રાજ કાપડીયા, ડિરેકટરશ્રી અશ્વિનભાઈ જે. દેસાઈ, ડિરેકટરશ્રી ભીખુભાઈ એમ. દેસાઈ, ડિરેકટરશ્રી દિલીપભાઈ ધામણવાલા, ડિરેકટરશ્રી પૂર્ણિમા એ.દેસાઈ, ડિરકટરશ્રી વૈષ્ણવી એમ. દેસાઈ,ડિરેકટરશ્રી પ્રતિક જે. મિસ્ત્રી, ડિરેકરશ્રી વિનોદચંદ્ગ એચ. ગુંડેરવાલા, ડિરેકટરશ્રી રાજ જે. ઠકકર, સી.ઈ.ઓ.શ્રીકશ્યપ ટી. વાડીઆ, ચેરમેનશ્રી કમલવિજય આર. ટુલસીયન, વાઈસ ચેરમેનશ્રી અરૂણભાઈ બી. કનોડીયા, બી.ઓ.એમ. મેમ્બરશ્રી સંજયભાઈ આર. ગાજીવાલા, બી.ઓ.એમ. મેમ્બરશ્રી તન્મય એમ. અગ્રવાલા, બી.ઓ.એમ. મેમ્બરશ્રી વિરલએમ. લોખંડવાલા, કોલેજના આચાર્ય ર્ડા. મુકેશભાઈ ગોયાણી તેમજ કોલેજના તમામ શૈક્ષણિક અને વહિવટી સભ્યો તથા કોલેજના ભૂતપૂર્વ અધ્યાપકો હાજર રહયા હતા. આ આયોજનમાં શૈક્ષણિક વર્ષા ૨૦૦૦ થી ૨૦૨૨ સુધીના વિદ્યાર્થીઓને આમંત્રીત કરવામાં આવ્યા હતા. જે પૈકી ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઓફ લાઈન હાજર રહયા હતા જયારે સુરત શહેરની બહાર રહેતા તેમજ વિદેશમાં રહેતા વિદ્યાર્થીઓ પૈકી ૭૭ થી વધુ વિદ્યાર્થીઓ ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા. આ કોલેજમાંથી અભ્યાસ પૂર્ણ કર્યાબાદ આઈ.ટી.ક્ષેત્રમાં ઉચ્ચ સિધ્ધી પ્રાપ્ત કરનારજેવા કે સરકારી કચેરીમાં ઉચ્ચ હાદો, નામાંકિત મોટી કંપનીઓ તથા બેંક ક્ષેત્રમાં ફરજ બજાવતા, સ્પર્ધાત્તામક પરીક્ષાઓમાં અગ્રેસર, શૈક્ષાણિક ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે, ઉધયોગક્ષેત્રે અગ્રણી વિદ્યાર્થીઓનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રી-યુનિયન કારોબારીની રચના કરી હતી. રી-યુનિયન કારોબારીની રચના કરવાનો મુખ્ય ઉદેશ દર મહિને એકવાર અલગ અલગ હેતુથી ભેગા થવાનુ જેના થકી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સામજીક, શૈક્ષણિક અને આર્થિક રીતે મદદ કરી શકાય. સમગ્ર કાર્યક્રમ આયોજન કોલેજ આચાર્યશ્રી ડો.મુકેશ આર. ગોયાણી તેમજ બી.સી.એ.ના કો-ઓર્ડિનેટર પ્રા. ર્ડા.જૈમીન શુકલાના માર્ગદર્શન હેઠળ પ્રા.ર્ડા.વિરલ પોલિશવાલા તેમજ બી.સી.એ.ના સ્ટાફ સભ્યોના સહકારથી થયુ હતુ. જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્ગારા કરવામાં આવ્યુ હતુ. અંતે બધા ભેગા મળી સુરૂચિ ભોજન લઈ કાર્યક્રમનું સમાપન થયુ હતુ.

# અગ્નિ શામક વિરાંગના - રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના મહિલા અગ્નિશામકોની પ્રથમ બેચ નુ સન્માન



કમલમ્ ન્યુઝ,

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દ્વારા મહિલાઓ માટેના ફાયર ફાઈટર સર્ટિફિકેટ કોર્સ ની પ્રથમ બેચ ના ૪૫ મહિલા અગ્નિશામકોને સફળતાપૂર્વક કોર્સ પૂર્ણ કરવા બદલ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ કોર્સ સંપૂર્ણપણે RRU દ્વારા પ્રાયોજિત હતો.

૪૫ મહિલા સહભાગીઓએ દેશના વિવિધ રાજ્યો જેમકે ઉત્તરપ્રદેશ, ઝારખંડ, ગુજરાત, છત્તીસગઢ અને હિમાચલ પ્રદેશમાંથી કોર્સ માં પ્રવેશ મેળવ્યો હતો. આ બહાદુર મહિલાઓ પસંદગી પ્રક્રિયા દરમિયાન સખત શારીરિક મૂલ્યાંકન તથા ઈન્ટરવ્યૂ માંથી પસાર થઈ હતી. કોર્સ ની તાલીમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાયર, સેફ્ટી એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સ્ટડીઝ (IFDSMS) માં આપવામાં આવી હતી. તાલીમાર્થીઓને ઔદ્યોગિક તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર વિભાગમાં જોડાણમાં તૈનાત કરીને ફાયર સર્વિસીસમાં કામ કરવાનો વાસ્તવિક અનુભવ પણ આપવામાં આવ્યો હતો. શ્રી વિક્રમ માહુરકર- IFSDMS પ્રમુખની હાજરીમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. (ડૉ) બિમલ એન. પટેલ દ્વારા મહિલા અગ્નિશામકને પ્રમાણપત્રો એનાયત કરવાં માં આવ્યા હતા. વાઈસ ચાન્સેલર અટેચમેન્ટ દરમિયાન મહિલા અગ્નિશામકોની શકિતશાળી કામગીરીથી જેમકે ઊંચાઈ પરથી આત્મઘાતી પ્રયાસ કરતી મહિલા ને સુરક્ષિત બચાવી તથા ગેસ સિલિન્ડર થી લગતી આગ ને કાબુ માં કરી જાન/માલ ની હાનિ અટકાવવા જેવા કાર્યો થી અભિભૂત થયા હતા. તેમણે નિવેદન આપતા કહ્યું કે આ મહિલાઓ ફકત અગ્નિશામકજ નથી, તેઓ "અગ્નિ શામક વિરાંગના" છે જે પુરુષોની જેમ જ ફાયર સર્વિસમાં બહાદુરી થી કામ કરી શકે છે. તેમણે મહિલા અગ્નિશામકોને તેમની નોકરીઓ અંગે નિશ્ચિંત રહેવા કહી વિશ્વાસ અપાવ્યો કે પ્લેસમેન્ટ માટેનું સંપૂર્ણ માર્ગદર્શન આર.આર.યુ દ્વારા કરવામાં આવશે. વાઈસ ચાન્સેલરે આગ અને સલામતી ક્ષેત્રે આર.આર.યુમાં આ પ્રકારના વધુને વધુ અભ્યાસક્રમો અને તાલીમો યોજવાનું વિઝન પણ દર્શાવ્યું હતું.

# ૫૦૦ મધમાખી પેટીઓનું વિતરણ, મધમાખી ઉછેરનારાઓના ચહેરા ચમકી ઉઠ્યા



કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૬માં બનાસકાંઠાના ડીસાથી 'શ્વેત ક્રાંતિ' સાથે 'મીઠી ક્રાંતિ' માટે હાકલ કરી હતી. પ્રધાનમંત્રીની પ્રેરણાથી, ખાદી અને ગ્રામોદ્યોગ આયોગે વર્ષ ૨૦૧૭માં 'હની મિશન' શરૂ કર્યું હતું, જે અંતર્ગત અત્યાર સુધીમાં ૧૮,૦૦૦ લાભાર્થીઓને ૧.૮૦ લાખ મધમાખીની પેટીઓ અને મધમાખીઓની વસાહતોનું વિતરણ કરવામાં આવ્યું છે આ બાબતોને ધ્યાન મા લઈને ભારત સરકારના ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના અધ્યક્ષ શ્રી મનોજ કુમારે ગુજરાતના બનાસકાંઠાના માદલ ગામમાં મધ મિશન યોજનાના લાભાર્થીઓને સંબોધતી વખતે કહી હતી. ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના અધ્યક્ષ શ્રી મનોજ કુમાર ૫૦ પ્રશિક્ષિત મધમાખી ઉછેર કરનારાઓને ૫૦૦ મધમાખીની પેટીઓ અને મધમાખી વસાહતોનું વિતરણ કરવા અહીં પહોંચ્યા હતા. કાર્યક્રમને સંબોધતા શ્રી મનોજ કુમારે જણાવ્યું હતું કે, હની મિશન હેઠળ ગુજરાતમાં ૨૦૧૭-૧૮થી લગભગ ૫.૫૦ લાખ કિલો મધનું ઉત્પાદન થયું છે, જેના કારણે લાભાર્થીઓ અને ખેડૂતોને ૮ કરોડ ૫૦ લાખથી વધુની આવક ની કમાઈ થઈ છે. આ પ્રસંગે લાભાર્થીઓને સંબોધતા ચેરમેન શ્રી મનોજ કુમારે જણાવ્યું હતું કે, “હની મિશન હેઠળ, બનાસકાંઠાના માદલ ગામમાં ૫૦ પ્રશિક્ષિત લાભાર્થીઓને ૫૦૦ મધમાખીની પેટીઓનું વિતરણ કરવામાં આવ્યું છે. હું મધુર ક્રાંતિના આ નવા સૈનિકોને હૃદયપૂર્વક અભિનંદન આપું છું અને તેઓને મધમાખી ઉછેર માં આગળ વધવા વિનંતી કરું છું અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના વિઝન મુજબ નોકરી મેળવવાને બદલે તેઓ જાતે જ નોકરી આપવા સક્ષમ બને. અહેવાલ છે કે ગુજરાતમાં ૨૦૧૭-૧૮ થી ૨૦૨૨-૨૩ સુધીમાં ૧૦,૨૧૦ મધમાખી પેટીઓનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ, સુરેન્દ્રનગર, જામનગર, બનાસકાંઠા, દાહોદ, કચ્છ, વલસાડ, નર્મદા, ડાંગ, નવસારી, પાટણ, અરવલ્લી અને મહિસાગર જિલ્લાના કુલ ૧૦૨૧ લાભાર્થીઓ/ખેડૂતોએ લાભ લીધો છે. કાર્યક્રમને સંબોધતા ચેરમેન શ્રી મનોજ કુમારે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ સતત નવા વિક્રમો સ્થાપી રહ્યું છે. હની મિશન યોજના પણ તે પૈકીની એક યોજના છે. તેમણે કહ્યું કે "મન કી બાત" ની ૭૫મી આવૃત્તિમાં, પ્રધાનમંત્રીએ બી-ફાર્મિંગના ફાયદાઓની ગણતરી કરતી વખતે કહ્યું હતું કે મધની સાથે, બી-મીણ પણ આવકનો મુખ્ય સ્ત્રોત છે. ફાર્મા ઉદ્યોગ, ખાદ્ય ઉદ્યોગ, કાપડ અને કોસ્મેટિક ઉદ્યોગ, મધમાખી-મીણ દરેક જગ્યાએ માંગ છે. તેથી જ વધુને વધુ ખેડૂતો તેમની ખેતી સાથે બી-ફાર્મિંગ સાથે સંકળાયેલા છે. કારણ કે તેનાથી ખેડૂતોની આવકમાં પણ વધારો થશે અને ખેડૂતોના જીવનમાં મીઠાશ પણ આવશે. આ સાથે દેશ મધ ઉત્પાદનમાં પણ આત્મનિર્ભર બનશે. અધ્યક્ષ શ્રી મનોજ કુમારે જણાવ્યું કે પ્રધાનમંત્રીના નિર્ધારિત ઈરાદાએ ૨૦૧૪ પછી ખાદી ક્ષેત્રમાં નવું જીવન લાવવાનું કામ કર્યુ છે. પરિણામે, ખાદી ગ્રામોદ્યોગના વેચાણનો આંકડો નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ. ૧,૧૫,૦૦૦ કરોડને પાર કરી ગયો. આઝાદી પછી પહેલીવાર આવું બન્યું છે. શ્રી મનોજ કુમારે જણાવ્યું હતું કે ખાદીના વેચાણમાં સુધારો કરવા સાથે ખાદી કારીગરોની આર્થિક સ્થિતિ સુધારવા માટે પ્રધાનમંત્રીના સમર્પિત વિઝનને પરિપૂર્ણ કરવા કમિશને ખાદીના કામમાં રોકાયેલા તમામ કારીગરોના મહેનતાણામાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. ૧ એપ્રિલ, ૨૦૨૩થી, લગભગ એક સાથે ૩૫% નો વધારો થયો છે, જે પોતાનામાં એક ઐતિહાસિક પગલું છે. તેમણે માહિતી આપી હતી કે વર્ષ ૨૦૧૪ થી અત્યાર સુધીમાં ખાદી કારીગરોના મહેનતાણામાં ૧૫૦ ટકાથી વધુનો વધારો કરવામાં આવ્યો છે.વિતરણ કાર્યક્રમમાં સ્થાનિક રહીશોની સાથે ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના કર્મચારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતમાં કેન્દ્ર સરકારની મદદથી ચાલતી વિવિધ કલ્યાણકારી અને પરિવર્તનકારી યોજનાઓનું સ્થળ નિરીક્ષણ કરી જાતમાહિતી મેળવી

## ટેક્નોલોજીનાં માધ્યમથી કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય ઈઝ ઓફ લિવિંગ વધારી રહ્યું છેઃ શ્રી રાજીવ જૈન





## કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોનાં મંત્રાલયે સ્માર્ટ સિટી સુરતની ત્રિદિવસીય મીડિયા ટૂર યોજી

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોનાં મંત્રાલયે સ્માર્ટ સિટી સુરતની તા. ૧૬ એપ્રિલથી ૧૮ એપ્રિલ એમ ત્રિદિવસીય નેશનલ મીડિયા ટૂર યોજી હતી. મંત્રાલયના એડીજી (મીડિયા એન્ડ કમ્યુનિકેશન) શ્રી રાજીવ જૈનની આગેવાની હેઠળ પ્રવાસી ટીમે પ્રથમ દિવસે સુરતની સુંદરતામાં વધારો કરતા વીઆઈપી રોડ થઈ કેનલ રોડની મુલાકાત લીધી હતી જેને મૉડલ સ્ટ્રીટ એન્ડ સ્કલ્પ્ચર્સ હેઠળ તૈયાર કરાયા છે.બીજા દિવસે સ્માર્ટ સિટી સુરતના અદ્યતન આઈસીસીસી (ઈન્ટિગ્રેટેડ કન્ટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર)ની મુલાકાત લીધી હતી અને કેવી રીતે, ખાસ કરીને પૂર જેવી આપત્તિ દરમ્યાન એક જ સ્થળેથી ઈમરજન્સી રિસ્પોન્સ અને વ્યવસ્થાપન કરવામાં આવે છે, શહેરીજનોને રિયલ ટાઈમ રીતે માહિતગાર કરવામાં આવે છે એ નિહાળ્યું હતું. સુરત મનપાના અધિકારીઓ અને ચૂંટાયેલી પાંખે સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત તૈયાર કરવામાં આવેલા આઈસીસીસીની વિગતવાર માહિતી અને પ્રેઝન્ટેશન આપ્યું હતું. રખડતા ઢોરનાં દૂષણને ડામવા સુરત આરએફઆઈડી ટેગ લગાવનારું પ્રથમ શહેર હોવાની માહિતી આપી હતી.

ત્યારબાદ ટીમે ડ્રીમ સિટી, પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં સ્થળ સુમન ભાર્ગવ, ભરથાણાની મુલાકાત લઈ લાભાર્થીઓ સાથે વાતચીત કરી હતી. સુરતમાં પુરાતન ઈતિહાસને જાળવીને પુનઃવિકાસ કરાયેલા કિલ્લાની પણ મુલાકાત લીધી હતી. સુરતના આઈકોનિક એવા કૅબલ સ્ટેઈડ બ્રિજની પણ મુલાકાત લીધી હતી. મંત્રાલયની મીડિયા ટૂરના અંતિમ દિવસે સભ્યો સાયકલ દ્વારા ડુમસ ગયા હતા.

પબ્લિક શૅરિંગ સાયકલ એ પણ મંત્રાલયની જ એક પહેલ છે જે વિવિધ શહેરોમાં લોકોની આદતો બદલે છે. અલથાણમાં તેમણે ખાડી પુનર્વિકાસ અને એશિયાના સૌથી મોટા નિર્માણાધીન બાયોડાઈવર્સિટી પાર્કની મુલાકાત લીધી હતી. સાથે જ અલથાણ વોટર વર્ક્સ, ટેક્સ્ટાઈલ માર્કેટ અને સોલર પાવર પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી. અંતિમ દિવસે સ્થાનિક અને મુલાકાતી મીડિયા સાથે એક પત્રકાર પરિષદને સંબોધતા શ્રી રાજીવ જૈને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં સ્માર્ટ સિટી મિશન અને સ્વચ્છ ભારત અભિયાન સહિત આવાસ અને શહેરી બાબતોનાં મંત્રાલયની વિવિધ પહેલથી દેશનાં શહેરી પરિદ્રશ્યની કેવી ઝડપથી કાયાપલટ થઈ રહી છે એની વિગતો આપી હતી. સુરતનાં મ્યુનિસિપલ કમિશનર સુશ્રી શાલિની અગ્રવાલે કહ્યું કે ૨૦૦૦માં સ્લમ વસ્તી ૨૬ ટકા હતી એ હવે ઘટીને ૬ ટકા થઈ છે. એક તરફ સુરતની વસ્તી અત્યંત ઝડપથી વધી રહી છે તો બીજી તરફ સ્લમ વસ્તી ઝડપથી ઘટી રહી છે એનો મતલબ એ થયો કે પ્રધાનમંત્રી આવાસ અને અન્ય શહેરી આવાસ યોજનાઓ મારફત પરવડે એવાં ઘરો ખૂબ મોટી સંખ્યામાં પૂરાં પડાયાં છે. તેમણે શહેર આયોજનમાં પ્રધાનમંત્રીનો નવીનતમ વિચાર સ્માર્ટ સિટી મિશન ખૂબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું હોવાનું કહ્યું હતું. સ્માર્ટ સિટી હેઠળ સુરતને ઘણી પરિયોજનાઓ ભારત અને ગુજરાત સરકાર તરફથી મળી છે. સુરતનાં મેયર શ્રીમતી હેમાલી બોઘાવાલાએ કહ્યું કે હવે અમારું લક્ષ્ય સુરતને સ્વચ્છતા સર્વેક્ષણમાં નંબર વન બનાવવાનું છે. તેમણે સુરતમાં જનભાગીદારીથી વિકસાવાયેલા બગીચા, મહાનગરપાલિકા સંચાલિત શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ, આરોગ્ય, ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની પહેલ વિશે માહિતી આપી હતી. તેમણે પીએમ સ્વનિધિ યોજનાથી સુરતના ૧૦૦૦૦ સ્ટ્રીટ વૅન્ડર્સ લાભાન્વિત થયાની માહિતી આપી હતી. શ્રી જૈને કહ્યું કે દેશમાં કોવિડ મહામારીમાં સ્માર્ટ સિટી મિશનના આઈસીસીસીએ પ્રશંસનીય કામગીરી કરી છે. આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય તેની વિવિધ પરિયોજનાઓ મારફત શહેરોની કાયાપલટ કરી રહ્યુંછે અને ટેક્નોલોજીનાં માધ્યમથી અમે ઈઝ ઑફ લિવિંગમાં સુધારો કરી રહ્યા છે.

•Printer/Publisher/Owner &Editor: Mahesh N. Patel. •Printed At:-CaptialOffset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028